અપીલ અરજી નં.૪૧૭ તા.૨૫–૩–૦૯

અરજદાર: શ્રી પરમાર પુરૂષોત્તમ નાગજી,
સામાવાળા: ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી

***ફરીયાદની હકીકત:–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી પરમાર પુરૂષોત્તમ એન.ની તા.૧૯–૨–૦૯ ની અરજીથી સુરત મહાનગરપાલિકાના કમિશ્નરશ્રી પાસે તા.૧૪–૮–૦૮ રીમાઈન્ડર તા.૩૦–૮–૦૮ તેમજ ૨૯–૧૨–૦૮ ના સમનવય પત્રથી સી.આર.પી.સી. ની કલમ–૧૯૭ અન્વયે ડાયરેકટર ઓફ પ્લાનીંગ શ્રી જે.એમ.પટેલ વિરૂધ્ધ ફોજદારી કરવાની પરવાનગી મેળવવા કરેલ માગણી અંગે આપશ્રીએ શું કાર્યવાહી કરી, શું પુરાવા લીધા ,શું રીપોર્ટ કરેલ, શું પગલા ભરેલ, તેની માહિતી આપશો તા.૧–૯–૦૮ની આરટીઆઈ અન્વયે આપે જણાવેલ છે. ખાતાકીય ઈન્કવાયરી કરી આગળની કાર્યવાહી કરવામાં આવશે તપાસ અધિકારીનું નામ હોદ્દો જણાવવા, કરેલ રીપોર્ટ ,લીધેલ પુરાવા કરેલ ઓર્ડરનીમાહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૫–૩–'૦૯ ની અપીલ અરજી નં.૪૧૭ /૨૦૦૮–૦૯

શ્રી પરમાર પુરૂષોત્તમ એન.ની તા.૧૯–૨–૦૯ ની અરજીથી સુરત મહાનગરપાલિકાના કમિશ્નરશ્રી પાસ ે તા.૧૪–૮–૦૮ રીમાઈન્ડર તા.૩૦–૮–૦૮ તેમજ ૨૯–૧૨–૦૮ ના સમયવય પત્રથી સી.આર.પી.સી. ની કલમ–૧૯૭ અન્વયે ડાયરેકટર ઓફ પ્લાનીંગ શ્રી જે.એમ.પટેલ વિરૂધ્ધ ફોજદારી કરવાની પરવાનગી મેળવવા કરેલ માગણી અંગે આપશ્રીએ શું કાર્યવાહી કરી, શું પુરાવા લીધા ,શું રીપોર્ટ કરેલ, શું પગલા ભરેલ, તેની માહિતી આપશો તા.૧ –૯–૦૮ની આરટીઆઈ અન્વયે આપે જણાવેલ છે. ખાતાકીય ઈન્કવાયરી કરી આગળની કાર્યવાહી કરવામાં આવશે તપાસ અધિકારીનું નામ હોદ્દો જણાવવા, કરેલ રીપોર્ટ લીધેલ પુરાવા કરેલ ઓર્ડરની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં પ્રત્યુત્તર મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૫ –૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૦૪ તા.૩૧–૩–૦૯ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી નં.ટીપીડી/૨૫ તા.૨–૪–૦૯ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે. જે અનુસાર તેઓના પત્ર નં.ટીપીડી/આ/૧૪ તા.૨–૪–૦૯ થી તેઓ કક્ષાએથી નિયત સમય મર્યાદા બાદ અરજદારને પત્ર પાઠવી સદરહુ પ્રકરણ બાબતે કમિશ્નરશ્રીની સુચના મુજબ યોગ્ય કાર્યવાહી કરવા સારું ડે.કમિશ્નર (પઅનેઈ) પ્રતિ રવાના કરવામાં આવે છે જે અંગે યોગ્ય નિર્ણય થયેથી માહિતી આપી શકાશે તેવો પ્રત્યુત્તર અરજદારને પાઠવ્યાની નકલ અત્રે રજુ કરેલ છે.

## ***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૯–૨–૦૯ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી પૈકી થયેલ કાર્યવાહીને સ્પર્શતી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ હોઈ તેમજ કાર્યવાહી પૂર્ણ થયે માહિતી આપી શકાશે તેમ જણાવેલ હોઈ પ્રસ્તુત તબકકે આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) ની જોગવાઈ પાસેની અથવા નિયંત્રણ હેઠળની ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ ધ્યાને લેતાં હાલના તબકકે અપીલ અંગે કોઈ હુકમ કરવાપાત્ર રહેતો ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૫ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

પ્રતિ,
(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ,.......જાણ તથા અમલ માટે.
(૨) શ્રીપરમાર પુરૂષોત્તમ નાગજી